Friday
12.12.2025
✱Volume :10 ✱ Issue No.154
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત  વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-




# મહાત્મા મંદિરમાં રિજીયોનલ એ.આઈ. ઈમ્પેક્ટ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## ગુજરાત યુનિફાઇડ ડિજિટલ સ્ટેક ઓપરેશનલાઇઝ્ડ કરીને ડિજિટલ ગવર્નન્સ વધુ સ્માર્ટ, ઝડપી અને સીટીઝન સેન્ટ્રિક બનાવવાની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી






કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી ગુજરાત યુનિફાઈડ ડિજિટલ સ્ટેક ઓપરેશન લાઈઝ કરીને ડિજિટલ ગવર્નન્સ વધુ સ્માર્ટ, ઝડપી અને સિટિઝન સેન્ટ્રીક બનાવવાની નેમ વ્યક્ત કરી છે. આના પરિણામે નાગરિકોને તમામ સેવાઓ એક જ પ્લેટફોર્મ પરથી સરળતાથી મળવા સાથે વિભાગો વચ્ચેનું ડેટા શેરીંગ ઝડપી બનવાથી યોજનાઓના આઉટ કમનું રીયલ ટાઈમ એનાલિસિસ પણ થઈ શકશે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં યોજાઇ રહેલી રિજીયોનલ એ.આઈ. ઈમ્પેક્ટ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. તેમણે કોન્ફરન્સ અંતર્ગત આયોજિત એ.આઈ. એક્સપીરિયન્સ ઝોનનું ઉદ્ઘાટન કરીને વિવિધ સ્ટાર્ટઅપ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સનું આયોજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં યોજાનારી એ. આઈ. ઈમ્પેક્ટ સમિટના પૂર્વાર્ધરૂપે પ્રિ-વેન્ટ તરીકે રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને કેન્દ્ર સરકારના આઈ.ટી. મંત્રાલયના ઉપક્રમે કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે ગુજરાત એ.આઈ. સ્ટેક લોન્ચ કર્યું હતું. આ એ.આઈ. સ્ટેક લોંચીંગ થવાથી સરકારી વિભાગોમાં “પ્લગ-એન્ડ-પ્લે” એ.આઈ. અપનાવવા માટે ૬ મુખ્ય એ.આઈ. ટૂલ્સ—કૃષિ એ.આઈ., યોજનાની પાત્રતા ચકાસણી, પ્રોક્યોરમેન્ટ ચેટબોટ, ગ્રીવન્સ ક્લાસિફાયર, ડોક્યુમેન્ટ એક્સ્ટ્રેક્ટર અને ચેટમેનેજમેન્ટ ટૂલ થી ગવર્નન્સ વધુ ઝડપી, ચોકસાઈયુક્ત અને નાગરિકલક્ષી બનશે. ગુજરાત ક્લાઉડ એડોપ્શન ગાઈડલાઈન્સ ૨૦૨૫ પણ મહાનુભાવોએ લોન્ચ કરી હતી. રાજ્યના ડિજિટલ ગવર્નન્સને વધુ સુરક્ષિત, સ્કેલેબલ અને એ.આઈ. રેડી બનાવવા માટે આ ગાઈડલાઈન્સ ૨૦૨૫ ઉપયોગી બનશે અને MeitY empanelled cloud services અને રાષ્ટ્રીય GPU compute નો ઉપયોગ સરળ બનશે. આ કોન્ફરન્સમાં બે મહત્વપૂર્ણ પેપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તદઅનુસાર ગુજરાત સરકાર – Google અને ભાષીણી વચ્ચે થયેલા MoU અનુસાર બહુભાષીય એ.આઈ., ગુજરાતી ભાષા મોડેલો અને ડિજિટલ પબ્લિક સર્વિસિસ માટે વ્યૂહાત્મક ભાગીદારી કરાશે. એટલું જ નહિ ગુજરાત સરકાર – GIFT City અને Henox દ્વારા રાજ્યમાં Cable Landing Station (CLS) સ્થાપવા માટે કરવામાં આવ્યા હતા આના કારણે ગુજરાત વૈશ્વિક ડિજિટલ કનેક્ટિવિટી નું કેન્દ્ર બનશે અને ગ્રીન ડેટા ડેટા સેન્ટર્સને બળ પુરુ પાડશે. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રીની લીડરશીપમાં એ.આઈ. ફક્ત ટેકનોલોજીનું સાધન નહીં પરંતુ રાષ્ટ્રીય પ્રગતિનું મિશન બની ગયું છે. ગુજરાતે હંમેશા ટેકનોલોજી પ્રેરિત વિકાસમાં અગ્રેસરતા જાળવી છે. જન સુખાકારીમાં વૃદ્ધિ, પારદર્શિતા અને ફ્યુચર રેડી ગુજરાત માટે એ.આઈ. સક્ષમ સાધન છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. આ કોન્ફરન્સમાં એગ્રીકલ્ચર, હેલ્થ, ગવર્નન્સ, અર્બન-રૂરલ ટ્રાન્સફોર્મેશન અને ફિનટેક ઈક્લુઝન ના વિષયોમાં એ.આઈ.ના ઉપયોગનું થનારા મંથનથી વિકસિત ગુજરાત ૨૦૪૭ના વિઝનમાં એ.આઈ. ટ્રાન્સફોર્મેશનલ સ્ટ્રેંથ તરીકે ઉભરી આવશે અને વિકસિત ભારતના નિર્માણમાં પણ એ.આઈ.ની ભૂમિકા મહત્વપૂર્ણ બનશે એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રીની વિઝનરી લીડરશીપમાં દેશમાં ગયા એક દાયકામાં ખૂબ મોટા બદલાવો આવ્યા છે. નાનામાં નાના વ્યક્તિ સુધી ટેકનોલોજી પહોંચી છે અને ઈન્ડિયા એ.આઈ. મિશન શરૂ થયું છે. ગુજરાતે પણ આને સુસંગત રહીને એ.આઈ. ટાસ્કફોર્સની રચના કરી છે. તેમણે આ રિજનલ એ.આઈ. ઈમ્પેક્ટ કોન્ફરન્સમાં થનારું સામૂહિક મંથન એ.આઈ.ના ઉપયોગ દ્વારા આજના કામોથી આવતી કાલની ક્ષમતા માટેનો દ્રષ્ટિકોણ ટેકનોલોજીની મદદથી બદલવામાં ઉપયોગી બનશે એવી અપેક્ષા દર્શાવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાત AI ક્રાંતિનું નિર્માણ કરનારું રાજ્ય ગણાવ્યું હતું અને રોકાણકારો તેમજ છે સ્ટાર્ટઅપ્સને ગુજરાતમાં આવકાર્યા હતા. શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત હંમેશા 'અતિથિ' અને 'ઈનોવેશન'—આ બે શક્તિશાળી પરિબળોનું સ્વાગત કરતું આવ્યું છે. આપણું લક્ષ્ય "human versus machine" નહિ, "human WITH machine" છે, જ્યાં માનવ કલ્પનાએ એક એવા પાર્ટનરનું નિર્માણ કર્યું છે જે કલ્પના પણ કરી શકે છે. AI હવે માત્ર એક ક્ષેત્ર નથી, AI નવી ઉર્જા છે, જે દરેક ક્ષેત્રને ગતિ સાથે શક્તિ આપી રહી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા AI આધારિત ઉપયોગો પર પ્રકાશ પાડતા ઉમેર્યું હતું કે, ગિફ્ટ સિટી ખાતે માઈક્રોસોફ્ટના સહયોગથી સ્થપાયેલું AI સેન્ટર ઑફ એક્સલન્સ (CoE) ભારતની આગામી ટેક ઈકોસિસ્ટમને આકાર આપી રહ્યું છે. તે હેલ્થકેર, મેન્યુફેક્ચરિંગ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં વેગ આપી રહ્યું છે. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રમાં FASAL AI પ્લેટફોર્મ દ્વારા ખેડૂતોને પાણીની બચત અને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડવામાં મદદ મળે છે. કૃષિપ્રગતિ પ્લેટફોર્મ પર એક લાખથી વધુ ખેડૂતોને પાકની તંદુરસ્તી, જમીનની સ્થિતિ અને પાણીની ઉપલબ્ધતા વિશે AI-આધારિત સલાહ મળે છે, જે આવક વધારવામાં મદદરૂપ છે. તે ઉપરાંત SIMBA પ્રોજેક્ટ દ્વારા વન્યજીવનનું રક્ષણ કરવામાં આવે છે. જાહેર પરિવહન સેવા GSRTC માં પણ કાર્યક્ષમતા સુધારવા માટે AI નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શ્રી સંઘવીએ ગુજરાત પોલીસ દ્વારા નાગરિક સુરક્ષા માટે AI ટેકનોલોજીના કરેલા ઉપયોગ અંગે માહિતી આપતા જણાવ્યું કે, અમદાવાદ ખાતે યોજાતી ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં AI-સર્વેલન્સ દ્વારા ૫,૪૮૧ ગુમ થયેલા બાળકોને શોધીને પોલીસ દ્વારા પરિવાર સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં, અંતરિયાળ અને ટ્રાઈબલ એરિયા ગણાતા દાહોદ જિલ્લામાં પોલીસે ગેરકાયદેસર ગાંજાના વાવેતર વિરુદ્ધ રાજ્યનું પ્રથમ AI-આધારિત ઓપરેશન હાથ ધર્યું. મશીન-લર્નિંગ મોડેલોએ ગાંજાના છોડને ઓળખ્યા અને ડ્રોન સર્વેલન્સથી ૧.૧૯ કરોડથી વધુ કિંમતના ગાંજાને પકડી પાડ્યો હતો. તે ઉપરાંત અંબાજી મેળામાં AI સર્વેલન્સે શંકાસ્પદ પ્રવૃત્તિઓ ટ્રેક કરીને, ગુમ થયેલા વ્યક્તિઓને શોધ્યા હતા અને ભીડ વ્યવસ્થાપનને મજબૂત બનાવ્યું હતું. શ્રી સંઘવીએ તમામ રોકાણકારો અને AI સ્ટાર્ટઅપ્સને ગુજરાતમાં રોકાણ કરવા, નિર્માણ કરવા અને તેમના સપના સાકાર કરવા માટે નિમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, "ગુજરાત તમારું પ્લેટફોર્મ બનશે. ગુજરાત તમારા ભવિષ્ય માટે લોન્ચપેડ બનશે." વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, સુશાસન માટે હાલના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-AI સૌથી શક્તિશાળી ટૂલ્સ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત છેં ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. AIના માધ્યમથી ટેકનોલોજી, ડેટા સ્ટોરેજ, દૈનિક કાર્યમાં ઝડપ અને પારદર્શકતા આવી છે, જેના પરિણામે નાગરિકોને ઘર બેઠા સુવિધા આપવા સહિત વિવિધ સેવાઓમાં મોટો બદલાવ આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારત AI ટેકનોલોજીમાં નવી ઉંચાઈઓ સર કરી રહ્યું છે. જૂની અને નવી પેઢી રેડિયો, ફ, કમ્પ્યુટર અને હવે AI ટેકનોલોજી ક્ષેત્રે આવતા બદલાવના સાક્ષી બન્યા છે. ગુજરાતમાં આયોજિત આજની આ 'રીજનલ AI ઈમ્પેક્ટ કોન્ફરન્સ' ભવિષ્યમાં AI ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે, તેવો મંત્રીશ્રીએ આ પ્રસંગે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સૈઅના અધિક સચિવ અને ઢેંઝના ડિરેક્ટર જનરલ શ્રી અભિષેક સિંઘે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાનિર્દેશ હેઠળ ભારતમાં આગામી ફેબ્રુઆરી-૨૦૨૬માં “AI ઈમ્પેક્ટ સમિટ” યોજાશે. વિશ્વમાં પ્રથમવાર કોઈ વિકાસશીલ દેશમાં વૈશ્વિક કક્ષાની AI સમિટનું આયોજન થશે. આ સમિટને વધુ સાર્થક બનાવવા વડાપ્રધાનશ્રીએ દરેક રાજ્યમાં પણ રીજનલ AI ઈમ્પેક્ટ કોન્ફરન્સનું આયોજન કરવાનું આહ્વાન કર્યુ હતું. જેના પરિણામ સ્વરૂપે આજે આ કોન્ફરન્સ યોજાઈ રહી છે. નવી ટેકનોલોજીના અમલીકરણમાં ગુજરાત દેશમાં હંમેશા લીડ લઈને અગ્રેસર રહ્યું છે, હવે AI ના ક્ષેત્રમાં પણ ગુજરાત દેશ માટે રોલ મોડલ બનશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ રીજનલ કોન્ફરન્સમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ શ્રી પી. ભારતીએ શાબ્દિક સ્વાગત કરીને એક દિવસીય કોન્ફરન્સ હેઠળ યોજાનાર વિવિધ થીમેટિક સત્રોની વિસ્તૃત ભૂમિકા આપતા જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સ દરમિયાન AI ફોર એગ્રીકલ્ચર, હેલ્થકેર, ગવર્નન્સ, અર્બન-રૂરલ ટ્રાન્સફોર્મેશન અને ફીન-ટેક જેવા પાંચ વિષયો પર રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો સાથે ચર્ચા કરવામાં આવશે તેમજ વર્ષ ૨૦૨૬માં યોજાનારી 'AI ઈમ્પેક્ટ સમિટ' માટે મૂલ્યવાન ભલામણો પણ કરવામાં આવશે. આ કાર્યક્રમાં અંતે ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરવિંદ વિજયને આભારવિધિ કરી હતી. રીજનલ AI ઈમ્પેક્ટ કોન્ફરન્સમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ, ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય કૌલ, શારજાહ કોમ્યુનિકેશન ટેકનોલોજીસ ઓથોરિટીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાશિદ અલી અલ-અલી, ગુજકોસ્ટના એડવાઈઝર શ્રી નરોત્તમ સાહુ, ભારત અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, વૈશ્વિક ટેક કંપનીઓ, IIT, ઉદ્યોગ જગતના નિષ્ણાતો તથા ૧૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે સંકળાયેલા ઈનોવેટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના સાંસદો ટીબી-મુકત ભારત માટે એક થયા: કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ મજબૂત પાયાના સ્તરે કાર્યવાહી માટે હાકલ કરી

## "ભારત ટીબી સામે વૈશ્વિક લડાઈનું નેતૃત્વ કરે છે"; ગુજરાતના સાંસદોએ મતવિસ્તાર-સ્તરની કાર્યવાહી ઝડપી બનાવવાનો સંકલ્પ લીધો









## શ્રી જે.પી. નડ્ડાએ ટીબી નાબૂદીને ઝડપી બનાવવા માટે ગુજરાતના સંસદીય નેતૃત્વને ગતિશીલ બનાવ્યું

કમલમ્,

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, શ્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે 'ટીબી-મુક્ત ભારત' માટેના રાષ્ટ્રીય મિશનને આગળ વધારવા માટે ગુજરાતના સાંસદ સભ્યો (સાંસદો) સાથે સઘન વ્યૂહરચના અંગે સંવાદ કર્યો હતો. "ટીબી મુક્ત ભારતના ચેમ્પિયન બનતા સંસદસભ્યો" પહેલ હેઠળ આયોજિત આ વાર્તાલાપ સંસદના શિયાળુ સત્રની સાથે-સાથે ગરવી ગુજરાત ભવન ખાતે યોજાયો હતો. આજના સત્રમાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયા અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા બંને ગૃહોના સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. સાંસદોને સંબોધતા, શ્રી નડ્ડાએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ક્ષય રોગ સામેની લડાઈમાં ભારતની નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું કે દેશે ૨૦૧૫ થી ૨૦૨૪ દરમિયાન ટીબીના કેસમાં આશરે ૨૧% ઘટાડો હાંસલ કર્યો છે, સાથે જ સારવાર સફળતા દર લગભગ ૯૦% છે, જે તાજેતરના WHO મૂલ્યાંકનોમાં પ્રતિબિંબિત વૈશ્વિક સરેરાશ કરતા પણ વધુ છે. કેન્દ્રીય મંત્રીએ ભાર મૂક્યો કે ગુજરાત - તેની મજબૂત આરોગ્ય પ્રણાલીઓ, નવીનતાઓનો ઝડપી સ્વીકાર અને મજબૂત કાર્યક્રમ માલિકીને કારણે - આગામી પેઢીના ટીબી નાબૂદી વ્યૂહરચનાઓ લાગુ કરવામાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવવાની ક્ષમતા ધરાવે છે. સાંસદોને મતવિસ્તાર-સ્તરના હસ્તક્ષેપોને ટેકો આપવા માટે આહ્વાન કરતા, શ્રી નડ્ડાએ ચોક્કસ સંસદીય દેખરેખ પગલાંના સમૂહની રૂપરેખા આપી. જેમાં સામેલ છે:

- ટીબી સૂચકાંકોના નિયમિત મતવિસ્તાર સ્કોરકાર્ડ સમીક્ષાઓ
- અમલીકરણને મજબૂત બનાવવા માટે રાજ્ય વિભાગો સાથે સંકલન
- જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા) ની બેઠકો દ્વારા ટીબી સમીક્ષાઓનું સંસ્થાકીયકરણ
- જમીન પર અમલીકરણ અવરોધોનું સમયબદ્ધ નિરાકરણ

શ્રી નડ્ડાએ સાંસદોને ટીબી જાગૃતિને ચાલુ જન સંપર્ક પહેલ, સ્થાનિક મીડિયા આઉટરીચ અને જાહેર કાર્યક્રમો સાથે સાંકળવા વિનંતી કરી જેથી કલંકનો સામનો કરી શકાય અને લોકોને વહેલા પરીક્ષણ અને સારવાર મેળવવા માટે પ્રોત્સાહિત કરી શકાય. મંત્રીએ ટીબીની સારવાર લઈ રહેલા વ્યક્તિઓ માટે પોષણ, કાઉન્સેલિંગ અને કલ્યાણ-જોડાણ સહિત સતત સમુદાય સમર્થન સુનિશ્ચિત કરવા માટે મતવિસ્તાર-સ્તરના નિક્ષય શિબિરોના સંગઠન અને નિક્ષય મિત્ર નેટવર્કના વિસ્તરણને વધુ પ્રોત્સાહન આપ્યું હતું. કેન્દ્રીય આરોગ્ય સચિવ શ્રીમતી પુણ્ય સલિલા શ્રીવાસ્તવે સાંસદોને સમુદાય-કેન્દ્રિત સ્ક્રીનીંગ, ઉન્નત ટેક-સક્ષમ દેખરેખ અને પોષણ સહાયના મહત્વપૂર્ણ મહત્વ જેવા ઉભરતા નીતિ નિર્દેશો વિશે માહિતી આપી હતી.

રાષ્ટ્રીય આરોગ્ય મિશનના અધિક સચિવ અને મિશન ડિરેક્ટર, શ્રીમતી. આરાધના પટનાયકે ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ પ્રગતિના અપડેટ્સ રજૂ કર્યા અને ટીબી મુક્ત ભારતમાં રાજ્યના યોગદાનને વેગ આપવા માટે મજબૂત સંસદીય જોડાણની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ગુજરાતના સાંસદોએ મતવિસ્તાર-સંચાલિત ટીબી નાબૂદીના પ્રયાસોને આગળ વધારવા માટે તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી અને ટીબી-મુક્ત ભારત પ્રાપ્ત કરવા માટે સંકલિત, પરિણામ-કેન્દ્રિત અને સમુદાય-કેન્દ્રિત અભિગમ માટે તેમના સમર્થનની પુષ્ટિ કરી હતી.

## તંત્રી સ્થાનેથી......

દેશભરમાંથી બાળ લગ્નની સામાજિક કુપ્રથાને જડમૂળથી નાબૂદ કરવા માટે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા 'બાળલગ્ન મુક્ત ભારત અભિયાન' ની એક મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય ઝુંબેશ અમલી કરવામાં આવી છે. આ અભિયાન 'બેટી બચાઓ બેટી પઢાઓ'ના સિદ્ધાંતોને અનુસરીને યુવા છોકરીઓને સશક્ત બનાવવા, તેમના શિક્ષણ અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પહેલનો મુખ્ય લક્ષ્યાંક 'બાળ લગ્ન નિષેધ અધિનિયમ, ૨૦૦૬'ના કડક અમલ અને વ્યાપક જાગૃતિ દ્વારા ૨૦૩૦ સુધીમાં ભારતને સંપૂર્ણપણે બાળ લગ્ન મુક્ત રાષ્ટ્ર બનાવવાનો છે, જેથી દરેક બાળકને તેના કાયદાકીય અને નૈતિક અધિકારો પ્રાપ્ત થાય અને તેમનું બાળપણ સુરક્ષિત રહે. વર્તમાનમાં, સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'મારુ ગામ, મારો તાલુકો અને મારો જિલ્લો બાળ લગ્ન મુક્ત' ની નેમ સાથે એક વ્યાપક ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ સમાજમાં બાળ લગ્નના દૂષણને સંપૂર્ણપણે દૂર કરવાનો અને તેના ભયાનક ગેરફાયદાઓ વિશે વ્યાપક જાગૃતિ ફેલાવવાનો છે. જેમાં નાગરિકોને બાળ લગ્ન ન કરવા અંગે જાગૃત કરવામાં આવે છે અને સમાજના તમામ વર્ગોના સક્રિય સહયોગથી આ સામાજિક દૂષણને તાત્કાલિક ધોરણે નાબૂદ કરવા માટે અપીલ કરવામાં આવી છે. બાળ લગ્ન એ માત્ર એક સામાજિક રિવાજ નથી, પરંતુ તે એક ગંભીર કાયદાકીય ગુનો છે. 'બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬' મુજબ, છોકરીના ૧૮ વર્ષ અને છોકરાના ૨૧ વર્ષ પૂર્ણ ન થયા હોય તેવા સંજોગોમાં કરવામાં આવતા લગ્નો ગેરકાયદેસર ગણાય છે.

# પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રાએ "રોજિંદા આવશ્યકતાઓની ખાતરી - બધા માટે જાહેર સેવા અને ગૌરવ" વિષય પર રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું

**ડો. પી. કે. મિશ્રાએ નાગરિક-કેન્દ્રિત શાસનને મજબૂત બનાવવા, ટેક્નોલોજીનો જવાબદાર ઉપયોગ, સંસ્થાકીય દૂરંદેશીને મજબૂત બનાવવા અને દરેક જાહેર સેવાના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ગૌરવ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો**

## માનવ અધિકાર દિવસ ફક્ત એક ઐતિહાસિક ઘોષણાની ઉજવણી નથી, પરંતુ ગૌરવના જીવંત અનુભવ પર ચિંતન કરવાનું આમંત્રણ છે: ડો. પી.કે. મિશ્રા




કમલમ્,

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રાએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે "રોજિંદા આવશ્યકતાઓ-બધા માટે જાહેર સેવા અને ગૌરવ" વિષયપર રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું. તેમના મુખ્ય ભાષણમાં, તેમણે ભારત જેવા લોકશાહી દેશો માટે વિશ્વ માનવ અધિકાર દિવસના મહત્વ પર ભાર મૂક્યો, જ્યાં બંધારણીય આદર્શો, લોકશાહી સંસ્થાઓ અને સામાજિક મૂલ્યો માનવ ગૌરવના રક્ષણ અને પ્રોત્સાહન માટે ભેગા થાય છે. તેમણે માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા (૧૯૪૮) ની કલમ ૨૫(૧) ને યાદ કરી, જે ખોરાક, કપડાં, રહેઠાણ, તબીબી સંભાળ, સામાજિક સેવાઓ અને નબળાઈના સમયમાં રક્ષણ સહિત યોગ્ય જીવનધોરણના અધિકારની ખાતરી આપે છે. તેમણે કહ્યું કે માનવ અધિકાર દિવસ ફક્ત એક યાદ અપાવવા માટે નથી, પરંતુ રોજિંદા જીવનમાં ગૌરવ પર ચિંતન કરવાનું આમંત્રણ છે. આ વર્ષની થીમ, "માનવ અધિકારો, આપણી રોજિંદા આવશ્યકતાઓ," નાગરિકો અને સરકાર વચ્ચે સંવાદને આકાર આપવામાં જાહેર સેવાઓ અને સંસ્થાઓની ભૂમિકા પર ભાર મૂકે છે. ડૉ. મિશ્રાએ UDHR ને આકાર આપવામાં ભારતની ઐતિહાસિક ભૂમિકાને યાદ કરી, ખાસ કરીને ડૉ. હંસા મહેતાના યોગદાનને, જેમણે ઘોષણાપત્રમાં "બધા માનવીઓ સ્વતંત્ર અને સમાન જન્મે છે" ને સમર્થન આપ્યું, જે લિંગ સમાનતા માટે એક નિર્ણાયક પગલું હતું. તેમણે ભાર મૂક્યો કે, ખોરાક, પાણી, આશ્રય, શિક્ષણ અને ન્યાયની ઉપલબ્ધતા દ્વારા અધિકારો પ્રાપ્ત કરવા જોઈએ. માનવ અધિકારોની વિચારસરણી નાગરિક અને રાજકીય અધિકારોથી સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અધિકારોને આવરી લેવા માટે વિકસિત થઈ છે, અને હવે તે ટેકનોલોજી, ડિજિટલ સિસ્ટમ્સ, પર્યાવરણીય ચિંતાઓ અને નવી નબળાઈઓ સુધી વિસ્તરે છે. તેમણે ટિપ્પણી કરી કે, આજે ગૌરવ માત્ર સ્વતંત્રતાઓ દ્વારા જ નહીં પરંતુ ગોપનીયતા, ગતિશીલતા, સ્વચ્છ પર્યાવરણ અને ડિજિટલ સમાવેશની ઍક્સેસ દ્વારા પણ આકાર પામે છે. તેમણે કહ્યું કે ભારતના સભ્યતાગત મૂલ્યોએ લાંબા સમયથી જાહેર જીવનના કેન્દ્રમાં ગૌરવ અને ફરજને સ્થાન આપ્યું છે. ધર્મ, ન્યાય, કરુણા અને સેવા જેવા ખ્યાલોએ ન્યાયી આચરણ અને સુખાકારી પર ભાર મૂક્યો હતો, જ્યારે અહિંસા સંયમને પ્રોત્સાહન આપે છે અને વસુધૈવ કુટુમ્બકમ મોટા માનવ પરિવાર સાથે જોડાયેલા હોવાની ભાવનાને પ્રોત્સાહન આપે છે. આ સિદ્ધાંતોએ બંધારણની રચનાને પ્રભાવિત કરી, જેમાં સાર્વત્રિક પુખ્ત મતદાન અને અમલમાં મુકાયેલા અધિકારોથી લઈને શિક્ષણ, આરોગ્ય, આજીવિકા અને સુખાકારીને પ્રાથમિકતા આપતા નિર્દેશક સિદ્ધાંતો સુધીની જોગવાઈઓ શામેલ હતી. ૨૦૧૪ પહેલાના દાયકા પર ચિંતન કરતાં, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે ભારતે શિક્ષણ અધિકાર અધિનિયમ, મનરેગા અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ જેવા કાયદાઓ દ્વારા વિકાસ માટે અધિકારો આધારિત અભિગમ અપનાવ્યો હતો. જોકે, અસરકારક વિતરણ વિના અધિકારોના અમલીકરણથી વિશ્વાસ ઓછો થયો. ૨૦૧૪ થી, સરકારે સંતૃપ્તિ અભિગમ પર ભાર મૂક્યો છે, જે સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ પાત્ર લાભાર્થી બાકાત ન રહે. આ "કાગળના અધિકારો" થી "લાગુ કરાયેલા અધિકારો" તરફના પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે, જે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર અને વિકસિત ભારત સંકલ્પ યાત્રા જેવા આઉટરીચ ઝુંબેશ દ્વારા સમર્થિત છે. તેમણે ભાર મૂક્યો હતો કે ગરીબી નાબૂદી એ સૌથી અસરકારક માનવ અધિકાર હસ્તક્ષેપ છે, જેમાં છેલ્લા દાયકામાં ૨૫ કરોડ ભારતીયોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે, જે ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વે ૨૦૨૩-૨૪ દ્વારા પુષ્ટિ મળી છે. ડૉ. મિશ્રાએ રોજિંદા જીવન જરૂરીયાતોને સુરક્ષિત રાખતા ચાર સ્તંભોની રૂપરેખા આપી. પ્રથમ, ઘરમાં ગૌરવ, જે આવાસ, પાણી, સ્વચ્છતા, વીજળી અને સ્વચ્છ ઈંધણ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે, તે પીએમ આવાસ યોજના, જળ જીવન મિશન, સ્વચ્છ ભારત અભિયાન, સૌભાગ્ય અને ઉજ્જ્વલા યોજના દ્વારા જીવનમાં પરિવર્તન લાવી રહ્યું છે. બીજું, સામાજિક સુરક્ષા, જે ખાદ્ય સુરક્ષા અને આરોગ્ય ખાતરી સુનિશ્ચિત કરે છે. પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાએ COVID-19 દરમિયાન ૮૦૦ મિલિયન લોકોને ખોરાક આપ્યો, અને આયુષ્માન ભારત-PMJAY એ ૪૨૦ મિલિયન નાગરિકોને આવરી લીધા. વીમા, પેન્શન અને નવા શ્રમ કાયદાઓ અનૌપચારિક અને ગિગ કામદારોને લાભ પૂરા પાડે છે, જ્યારે માનસિક આરોગ્યસંભાળ કાયદા જેવા સુધારા નબળા જૂથો માટે ગૌરવ સુનિશ્ચિત કરે છે. ત્રીજો સ્તંભ, સમાવેશી આર્થિક વિકાસ, નાણાકીય સમાવેશ અને સશક્તિકરણ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે. JAM ત્રિમૂર્તિએ સીધા લાભ ટ્રાન્સફરમાં ક્રાંતિ લાવી, ૫૬ કરોડથી વધુ જન ધન ખાતાઓ બેંકિંગ સુવિધાથી વંચિત લોકોને ઔપચારિક નાણાંમાં લાવ્યા, અને પીએમ મુદ્રા યોજના અને પીએમ સ્વાનિધિ જેવી યોજનાઓએ એન્ટરપ્રાઈઝ સર્જનને સક્ષમ બનાવ્યું. સ્વ-સહાય જૂથો, "લખપતિ દીદી," બેટી બચાવો, બેટી પઢાઓ અને વિધાનસભાઓમાં ઐતિહાસિક એક તૃતીયાંશ અનામત દ્વારા મહિલા સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ચોથા સ્તંભમાં, ન્યાય અને સંવેદનશીલ સમુદાયોનું રક્ષણ, નવા ફોજદારી કાયદા સંહિતા, ફાસ્ટ-ટ્રેક કોર્ટ, POCSO કાયદો, દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ અને આદિવાસી સમુદાયો માટે PMJANMAN દ્વારા મજબૂત બનાવવાને સમાવેશ કરવામાં આવ્યો. રસી મૈત્રી સહિત માનવતાવાદી સહાય, માનવ અધિકારોની સાર્વત્રિકતામાં ભારતની માન્યતાને પ્રતિબિંબિત કરે છે. પ્રધાનમંત્રીના જાહેર ભાગીદારીના આહ્વાન સાથે, જાહેર સેવા વિતરણ કહેવાથી જવાબ આપવા, યોજનાઓ પ્રદાન કરવાથી આદર આપવા અને લોકોને લાભાર્થી તરીકે જોવાથી રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદાર બનવા તરફ બદલાયું છે. યુએન માનવ અધિકાર પરિષદમાં ભારતની ચૂંટણી લોકશાહી સંસ્થાઓ અને સમાવેશી વિકાસમાં વૈશ્વિક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને ભારત ૨૦૪૭માં વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ઉભરતા પડકારો માટે એક માળખું અપનાવવા વિનંતી કરતા, શ્રી મિશ્રાએ આબોહવા પરિવર્તન, પર્યાવરણીય ન્યાય, ડેટા સુરક્ષા, અલ્ગોરિધમિક ન્યાયીતા, જવાબદાર AI, ગિગ વર્કની નબળાઈઓ અને ડિજિટલ સર્વેલન્સને મહત્વપૂર્ણ ચિંતાઓ તરીકે ઓળખાવ્યા હતા. અંતે, ડૉ. મિશ્રાએ ભાર મૂક્યો કે સુશાસન એ મૂળભૂત અધિકાર છે, જે કાર્યક્ષમતા, પારદર્શિતા, ફરિયાદ નિવારણ અને સમયસર સેવા વિતરણ દ્વારા વ્યાખ્યાયિત છે. તેમણે રહેવા યોગ્ય શહેરો અને ગતિશીલ ગામડાઓ સાથે આધુનિક, સમાવેશી દેશની કલ્પના કરી, અને નાગરિક-કેન્દ્રિત શાસન, ટેકનોલોજીનો જવાબદાર ઉપયોગ અને બધા માટે ગૌરવ, ન્યાય અને વિકાસ સુનિશ્ચિત કરવા માટે સામૂહિક કાર્યવાહી પર વાત કરી હતી.






# ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય અને એમેઝોન વચ્ચે જ્ઞાન વહેંચણી, સંયુક્ત અભ્યાસક્રમ વિકાસ અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર

**વેરહાઉસિંગ સેક્ટરમાં ડેટા આધારિત સંશોધનને પ્રોત્સાહન આપવા માટે MoU હેઠળ GSV ખાતે એમેઝોન ચેર પ્રોફેસરશિપની સ્થાપના કરાશે**



કમલમ્,

ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય (GSV), જે ભારતમાં પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટેની અગ્રણી યુનિવર્સિટી છે, અને વિશ્વની અગ્રણી ઈ-કોમર્સ કંપની એમેઝોન વચ્ચે એક સમજૂતી કરાર (Memorandum of Undersanding - MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ MoU જ્ઞાનની વહેંચણી, શૈક્ષણિક અભ્યાસક્રમનો સંયુક્ત વિકાસ અને સંયુક્ત સંશોધન પ્રવૃત્તિઓને સક્ષમ બનાવશે. MoU ના સૌથી મહત્વપૂર્ણ પાસાઓમાંથી એક છે GSV ખાતે એમેઝોન ચેર પ્રોફેસરશિપની સ્થાપના કરવી અને ડેટા આધારિત નિર્ણય લેવાની ફ્રેમવર્કનો લાભ લઈને વેરહાઉસિંગ સેક્ટરમાં સંશોધન કરવું. પ્રો. મનોજ ચૌધરી, કુલપતિ, ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયે, જણાવ્યું હતું કે યુનિવર્સિટી આ ક્ષેત્રને સમર્પિત દેશની એકમાત્ર યુનિવર્સિટી હોવાને કારણે, સઘન સંશોધન અને વિશેષ પ્રતિભા વિકાસ દ્વારા ભારતના લોજિસ્ટિક્સ ક્ષેત્રના ભવિષ્યને આકાર આપવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે લોજિસ્ટિક્સ અગ્રણી એમેઝોન ઈન્ડિયા સાથેનો સહયોગ મૂલ્યવાન ઉદ્યોગ આંતરદૃષ્ટિ લાવશે, જે સહ-કાર્યકારી પ્રોજેક્ટ્સ દ્વારા લોજિસ્ટિક્સ અને પરિવહન ક્ષેત્રે માહિતગાર આયોજન, ડિઝાઈન અને નવીનતાને સમર્થન આપશે. GSV ની સ્થાપના ૨૦૨૨ માં સંસદના અધિનિયમ દ્વારા કેન્દ્રીય યુનિવર્સિટી તરીકે કરવામાં આવી હતી. રેલવે મંત્રાલય (ભારત સરકાર) હેઠળ કાર્યરત આ યુનિવર્સિટી રેલવે, હાઈવે, પોર્ટ્સ, ઉડ્ડયન, મેરીટાઈમ, શિપિંગ, આંતરદેશીય જળમાર્ગો, શહેરી પરિવહન અને સંપૂર્ણ લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈન નેટવર્ક્સ સહિત સમગ્ર પરિવહન ક્ષેત્રને આવરી લે છે. આ યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે શ્રી અશ્વિની વૈષ્ણવ (કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી) છે.

ગુજરાત સરકાર



3 વર્ષ
અડગ નેતૃત્વ અને
અવિરત વિકાસનાં

# માનનીય મુખ્યમંત્રી
# શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
# અડગ નેતૃત્વ અને અવિરત વિકાસનાં 3 વર્ષ







## કરુણામય અને કટિબદ્ધ

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ **4 લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહારનો લાભ**

PMJAY હેઠળ **₹10 લાખ સુધીની નિ:શુલ્ક સારવાર**

નમો લક્ષ્મી યોજના હેઠળ **10 લાખથી વધુ વિદ્યાર્થિનીઓને મળી** આર્થિક સહાય

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત **1 લાખથી વધુ સ્માર્ટ ક્લાસનું નિર્માણ**

નારી સશક્તિકરણ માટે મહિલાલક્ષી **200થી વધુ યોજનાઓનું અમલીકરણ**

**માતા મૃત્યુદરમાં 50%** અને **બાળ મૃત્યુદરમાં 57%**નો નોંધપાત્ર ઘટાડો

## નિર્ભય અને નિર્ણાયક

**સરકારી જમીનો પરનું ગેરકાયદેસર દબાણ** દૂર કરી અનેક સમસ્યાઓનું નિરાકરણ

ગુજરાતની શાંતિ અને સલામતીને વધુ સુનિશ્ચિત કરતી **પોલીસ ભરતીની જાહેરાત**

**પ્રોજેક્ટ VISWAS** હેઠળ ગુજરાતમાં **7000થી વધુ CCTV કેમેરા**નું વિશાળ નેટવર્ક

નીતિ આયોગની તર્જ પર ગુજરાતમાં થિંક ટેન્ક **GRITની સ્થાપના**

તમામ પ્રકારની ઇમરજન્સી સેવાઓ માટે **હેલ્પલાઇન નંબર 112ની શરૂઆત**

પેચીદા કાયદાઓનું **સરળીકરણ**

**9 નગરપાલિકાઓને** મહાનગરપાલિકાનો દરજ્જો

## ઊર્જાવાન અને ઉદ્યમશીલ

**ગુજરાતને મળી કોમનવેલ્થ ગેમ્સ-2030ની યજમાની**, વૈશ્વિક કક્ષાનું સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ્યમાં 24 સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ કાર્યરત


**ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ** થકી યુવાઓ માટે રોજગારની વિપુલ તકો

સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ચાર **વાર ગુજરાત બન્યું બેસ્ટ પર્ફોમર સ્ટેટ**

UNESCO એ જાહેર કર્યા **ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો'**

UNWTO દ્વારા ધોરડોને વિશ્વના **શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજ** તરીકેનું સન્માન

જનજાતીય ગૌરવ દિન: **₹2 લાખ કરોડનું બજેટ સાથે જનજાતીય કલ્યાણ યોજનાની શરૂઆત**



" નિર્ણાયકતા અને સ્પષ્ટ દ્રષ્ટિકોણ સાથે, ગુજરાતનો સર્વાંગી વિકાસ જ અમારો અટલ સંકલ્પ છે. "

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓને રસપૂર્વક નિહાળી, બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરતાં નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા

**'વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ (STEM)'ની થીમ સાથે ગણિત, વિજ્ઞાન, પર્યાવરણની અદભૂત કૃતિઓ રજૂ કરતાં વિદ્યાર્થીઓ**



- **બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવીને પ્રદર્શિત કરવા માટે બાળવૈજ્ઞાનિક પ્રદર્શન નું પ્લેટફોર્મ ખૂબ જ મહત્ત્વપૂર્ણ**
- **પ્રદૂષણ ઘટાડવા અને જીવનને રોગમુક્ત રાખવા માટે 'ગ્રીન એનર્જી' અને 'વિકસતી નવીન ટેક્નોલોજી' ને આવકાર આપવો અનિવાર્ય છે**

કમલમ્,સુરેન્દ્રનગર

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમભવન, સુરેન્દ્રનગર, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરેન્દ્રનગર, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરેન્દ્રનગર, બી.આર.સી. ભવન તથા જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સિલન્સના સંયુક્ત ઉપક્રમે ચુડા તાલુકાના કરમળ ગુરુકુળ ખાતે જિલ્લા કક્ષાના 'ત્રિ-દિવસીય બાળવૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૫'નો ભવ્ય શુભારંભ થયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ વિશેષ ઉપસ્થિત રહી બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રદર્શનના શુભારંભ પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, શિક્ષક ભાઈઓ-બહેનોની મહેનતથી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવીને પ્રદર્શિત કરવા માટે આ પ્લેટફોર્મ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેમણે 'વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ (STEM)'ની થીમની પ્રશંસા કરતાં કહ્યું કે, આ પ્રદર્શનમાં રજૂ થયેલી કૃતિઓ રાષ્ટ્રની જરૂરિયાતોને અનુરૂપ છે. તેમણે ખાસ કરીને 'ટકાઉ ખેતી' દ્વારા ખેડૂતને મદદરૂપ થવાની કલા પ્રદર્શિત કરતી કૃતિઓની સરાહના કરી હતી. શ્રી જગદીશભાઈ મકવાણાએ પર્યાવરણની જાળવણીના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને 'કચરાનું વ્યવસ્થાપન અને પ્લાસ્ટિકના વિકલ્પો' પરની કૃતિઓની ખાસ પ્રશંસા કરી. તેમણે પ્લાસ્ટિકના ગંભીર પરિણામો સામે ચેતવણી આપીને કાગળ કે કપડાની થેલી જેવા વિકલ્પોનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે પ્રદૂષણ ઘટાડવા અને જીવનને રોગમુક્ત રાખવા માટે 'હરિત ઊર્જા' (ગ્રીન એનર્જી) અને 'વિકસતી નવીન ટેકનોલોજી'ને આવકાર આપ્યો હતો. વધુમાં, તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૫નું વર્ષ 'શુભકામ સમય' છે, કારણ કે આ વર્ષે 'વંદે માતરમ' ગીતની રચનાને ૧૫૦ વર્ષ, 'અખંડ ભારતના શિલ્પી' સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી, મહર્ષિ દયાનંદ સરસ્વતીજી દ્વારા આર્ય સમાજની સ્થાપનાના ૧૫૦ વર્ષ, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી વર્ષ ચાલી રહ્યું છે. આ ૫૩માં વિજ્ઞાન પ્રદર્શન માટે પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ નાયબ મુખ્ય દંડક શ્રીએ પરમ પૂજ્ય સદગુરુ શ્રીજી સ્વરૂપ દાસજી સ્વામી સહિત તમામ વંદનીય સંતોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ બાળ વૈજ્ઞાનિકો અને તેમની તૈયારી કરાવનાર શિક્ષક મિત્રોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા. પ્રદર્શન દરમિયાન, તેમણે બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓને રસપૂર્વક નિહાળી તેમના સંશોધન બદલ પ્રોત્સાહિત કર્યા હતા અને શુભકામના પાઠવી હતી કે, આવનારા દિવસોમાં બાળકો વિજ્ઞાન ક્ષેત્રે આગવું યોગદાન આપી દેશના વિકાસમાં ભાગીદાર બને. ત્રિ-દિવસીય વિજ્ઞાન પ્રદર્શનના અંતે વિવિધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર બાળકોને પ્રમાણપત્ર અને શિલ્ડ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. 'વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ (STEM)'ની થીમ હેઠળ આયોજિત આ પ્રદર્શન તા. ૧૦ ડિસેમ્બર સુધી યોજાશે, જેમાં જિલ્લાની વિવિધ શાળાઓના બાળકોએ ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણને લગતી અદભૂત અને જ્ઞાનવર્ધક કૃતિઓ રજૂ કરી છે. આ કાર્યક્રમમાં પરમ પૂજ્ય સદગુરુ શ્રીજીસ્વરૂપદાસજી સ્વામી તેમજ વેદાંતાચાર્ય પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી અને વેદાંતાચાર્ય પૂજ્ય કૃષ્ણવલ્લભ સ્વામી જેવા સંતો-મહંતો તેમજ ચુડા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ માધર, અગ્રણી શ્રી નાથાભાઈ સંઘાણી, શ્રી પ્રદીપસિંહ પરમાર, શ્રી રણછોડભાઈ કટારીયા સહિતનાં પદાધિકારીશ્રીઓ, ડાયટના પ્રાચાર્ય ડો. સી. ટી. ટુંડિયા, ટીપીઓ શ્રી જીપલભાઈ પટેલ સહિતના અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અદયક્ષાતામાં મળી રાજય મંત્રી મંડળની બેઠક




- **આ માસ્ટર પ્લાન રાજ્યના તમામ જિલ્લાઓમાં સમાન આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટેનો મહત્વપૂર્ણ રોડમેપ પૂરવાર થશે**
- **માસ્ટર પ્લાનના સરળ અમલીકરણ માટે રીજન-વાઈઝ એક ઉચ્ચ અધિકારીની EMP કો-ઓર્ડિનેટર તરીકે નિમણૂક કરવાનો નિર્ણય કરાયો**
- **GRITની ભલામણો અને રીજનલ ઇકોનોમિક માસ્ટર પ્લાન "વિકસિત ગુજરાત જ ૨૦૪૭" અને "ગુજરાત @ 2035"નો રોડ મેપ સાકાર કરશે**

કમલમ્,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે પ્રેસ-મીડિયાના મિત્રોને માહિતી આપતા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "વિકસિત ભારત @ 2047"ના વિઝનને પરિપૂર્ણ કરવા માટે ગુજરાત રાજ્ય સંકલ્પબદ્ધ છે. આ વ્યાપક વિઝનને સાકાર કરવા મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સંતુલિત અને સર્વસમાવેશક વિકાસ માટે છ આર્થિક પ્રદેશો માટેના રીજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાનને મંજૂરી આપી છે. આ માસ્ટર પ્લાન રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં સમાન આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો મહત્વપૂર્ણ રોડમેપ પૂરવાર થશે. વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યસરકારની ઉચ્ચસ્તરીય થીંક ટેંક "ગુજરાતરાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન-GRIT" આ છ પ્રાદેશિક માસ્ટર પ્લાનને સફળ બનાવવા માટે સ્ટ્રેટેજીક ફોરસાઈટ અને ડેટા-આધારિત ભલામણો પૂરી પાડશે. GRITની ભલામણો અને આ રીજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન "વિકસિત ગુજરાત @ 2047" અને "ગુજરાત @ 2035" નો રોડમેપ સાકાર કરવા માટેનું મહત્વપૂર્ણ માધ્યમ પૂરવાર થશે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે મંજૂર કરેલા રીજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાનના સરળ અમલીકરણ માટે દરેક રીજન માટે એક ઉચ્ચ અધિકારીની ઈકોનોમિક માસ્ટર પ્લાન કો-ઓર્ડિનેટર (નોડલ અધિકારી) તરીકે નિમણૂક કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર મધ્ય ગુજરાત રીજન માટે ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ, સૌરાષ્ટ્ર રીજન માટે પ્રવાસન વિભાગના સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર, કચ્છ રીજન માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન અને CEO શ્રી રાજકુમાર બેનીવાલ, દક્ષિણ ગુજરાત રીજન માટે સુરત મહાનગરપાલિકાના કમિશનર શ્રી શાલિની અગ્રવાલ, સૌરાષ્ટ્રના દરિયાકિનારાના રીજન માટે ખાણ ખનિજ કમિશનર શ્રી ધવલ પટેલ તથા ઉત્તર ગુજરાત રીજન માટે GIDC નાં મેનેજીંગ ડિરેક્ટર શ્રી પ્રવિણા ડી.કે.ની નિમણૂંક કરવામાં આવી છે. આ EMP કો-ઓર્ડીનેટર ઈકોનોમિક માસ્ટર પ્લાનના અમલીકરણ સાથે જોડાયેલા સરકારી વિભાગો, ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ, સ્થાનિક વહીવટી તંત્ર અને GRIT જેવા તમામ હિતધારકો વચ્ચેની મુખ્ય કડી તરીકે કાર્ય કરશે. તેઓ યોજનાઓ અને મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ સમયસર પૂરા થાય તે માટે જુદા-જુદા વિભાગો વચ્ચે સંવાદ અને સહયોગ સુનિશ્ચિત કરશે. આ ઉપરાંત EMP કોઓર્ડિનેટર દરેક પ્રાદેશિક યોજના હેઠળ ઓળખાયેલા પ્રોજેક્ટ્સની પ્રગતિ પર સતત નજર રાખશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સેવા, સંકલ્પ, અને સમર્પણના ૩ વર્ષ



કમલમ્,

આગામી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના શાસનકાળના ૩ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ૧૫૬ બેઠકોના ઐતિહાસિક જનસમર્થન સાથે ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ ધપાવી છે, અને સુશાસન, સેવા અને વિકાસના નવા ધોરણો સ્થાપિત કર્યા છે. આ ત્રણ વર્ષોમાં જાહેર કરવામાં આવેલી વિવિધ લોકકેન્દ્રિત નીતિઓએ રાજ્યને બહુવિધ ક્ષેત્રોમાં અગ્રેસર બનાવ્યું છે. શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે ૭-૨૦ બેઠકો અને ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સનું સફળતાપૂર્વક આયોજન કર્યું. વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાને વધુ વ્યાપક બનાવવા અને રાજ્યની પ્રાદેશિક ક્ષમતાઓને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે પ્રથમવાર રાજ્યના ચાર પ્રદેશોમાં (ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્ર) વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસનું આયોજન કર્યું છે. આ કોન્ફરન્સ સ્થાનિક મહત્વાકાંક્ષાઓને 'વિકસિત ભારત @2047' અને 'વિકસિત ગુજરાત @2047'ના વ્યાપક વિઝન સાથે સંરેખિત કરશે. વર્ષ ૨૦૨૫માં ઘટેલી એર ઈન્ડિયા પ્લેન ક્રેશ દુર્ઘટનાની ગંભીર પરિસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સંવેદનશીલ, ઝડપી અને અસરકારક નેતૃત્વનો પણ પરિચય આપ્યો છે. રાજ્યની તમામ એજન્સીઓને તાત્કાલિક સક્રિય કરીને રેસ્ક્યુ ઓપરેશન, સારવાર, સહાય અને સુચારુ સંકલન વડે ગુજરાતે તેમના નેતૃત્વમાં સંકટ વ્યવસ્થાપનનો એક અનુપમ દાખલો પૂરો પાડ્યો છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' જાહેર કરવામાં આવ્યું છે, જે રાજ્યના શહેરોને વિશ્વ સ્તરીય, આધુનિક, હરિત, ટેકનોલોજી આધારિત અને સુવિધાસભર બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. આ ત્રણ વર્ષો દરમિયાન રમત-ગમત ક્ષેત્રે પણ ગુજરાતે વૈશ્વિક મંચ પર ગૌરવ મેળવ્યું છે. ગુજરાતમાં વિકસિત કરવામાં આવેલ આધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ્યના ખેલાડીઓ માટે સતત વિકસતી સુવિધાઓ અને રાજ્ય સરકારનો સહયોગ, ખેલાડીઓને અનુકૂળ સ્પોર્ટ્સ પૉલિસીને વગેરેના કારણે ગુજરાતને કૉમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને ડિજિટલ ગવર્નન્સ જેવા ક્ષેત્રોમાં નવી ઉંચાઈઓ હાંસલ કરી છે. ગુજરાત આજે સેમિકન્ડક્ટર હબ અને રિન્યુએબલ એનર્જી હબ બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાત વડાપ્રધાનશ્રીના "વિકસિત ભારત જ૨૦૪૭"ના વિઝનને સાકાર કરવા માટે દૃઢપણે આગળ વધી રહ્યું છે. ત્રણ વર્ષના આ વિકાસ યજ્ઞએ ગુજરાતને નવી આશાઓ, નવી સંભાવનાઓ આપી છે અને વૈશ્વિક સ્તરે રાજ્યની ઓળખ વધુ મજબૂત બની છે.

### ૩ વર્ષ કૃષિ કલ્યાણનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૬,૮૯૯ ગામો (૧૯.૪૮ લાખ ગ્રાહકો સાથે) નિયમિત મેળવે છે દિવસે વીજળી
- ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૫માં ભારે વરસાદથી થયેલા પાક નુકસાનથી અસરગ્રસ્ત ખેડૂતો માટે ૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર
- ૨૩ ઓક્ટોબરથી ૪ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન રાજ્યમાં પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા ભારે પાક નુકસાન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું, લગભગ ૩૩ લાખ ખેડૂતોને થશે લાભ
- કમોસમી વરસાદમાં થયેલા પાક નુકસાનના સંદર્ભમાં ગુજરાત સરકારે ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરી, જેનાથી રાજ્યના ૧૦ લાખથી વધુ ખેડૂતોને ફાયદો
- શૂન્ય ટકાના દરે પાક ધિરાણ હેઠળ છેલ્લા ૩ વર્ષોમાં ૩૩ લાખથી વધુ ખેડૂતોને ૩૦૩૦.૩૪ કરોડથી વધુની વ્યાજ સહાય

### ૩ વર્ષ મહિલા સશક્તિકરણનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- ગુજરાતમાં લખપતિ દીદીની સંખ્યા ૫ લાખ ૯૬ હજાર થઈ, ગુજરાત ૧૦ લાખ મહિલાઓને બનાવશે આત્મનિર્ભર
- નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪ જાહેર
- વર્ષ ૨૦૨૩માં સૌપ્રથમવાર જેન્ડર બજેટ ૧ લાખ કરોડને પાર, ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી,
- વર્ષ ૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવામાં આવી
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ વાર્ષિક સરેરાશ ૪ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ
- માર્ચ ૨૦૨૫માં અંત્યોદય પરિવારોની સ્વસહાય જૂથોની મહિલાઓને નાણાકીય સહાય માટે 'જી-સફલ' (ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમેલીઝ ફોર ઓગ્મેન્ટિંગ લાઈવલીહુડ્સ) યોજના લોન્ચ

### ૩ વર્ષ આરોગ્ય કલ્યાણનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી ૫ લાખની સહાય વધારીને ૧૦ લાખ
- ગુજરાત શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારું દેશનું એકમાત્ર રાજ્ય, અત્યાર સુધીમાં ૧.૧૫ કરોડ કાર્ડ જારી કરવામાં આવ્યા
- ગુજરાતમાં માતા મૃત્યુ દરમાં ૫૦% અને બાળમૃત્યુ દરમાં ૫૭.૪૧%નો નોંધપાત્ર ઘટાડો થયો
- નમો શ્રી યોજના હેઠળ ૧ વર્ષમાં ૩.૮૮ લાખ માતાઓને મળી ૨૩૮.૭૭ કરોડની આર્થિક સહાય
- ૪૬૫ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરીને ગુજરાત દેશમાં પ્રથમ
- "વર્લ્ડ ઓબેસિટી ડે"ના દિવસે "સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાનનો પ્રારંભ
- રાજ્યના આદિજાતિ વિસ્તારના નાગરિકોના આરોગ્ય માટે ટ્રાઈબલ જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ લોન્ચ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

### ૩ વર્ષ શિક્ષણ થકી સર્વાંગી વિકાસનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અંતર્ગત ૧૩,૩૫૩ નવા વર્ગખંડો, ૨૧,૦૦૦ નવી કમ્પ્યુટર લેબ્સ, ૧,૦૯,૦૦૦ નવા સ્માર્ટ ક્લાસરૂમ્સ, ૫૦૦૦ નવી સ્ટેમ લેબ્સનું કાર્ય પૂર્ણ
- વર્ષ ૨૦૨૫માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૨૩મી કડીનું સફળ આયોજન
- શાળાઓમાંથી સંભવિત ડ્રોપઆઉટ થનારા વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને શાળા છોડતા અટકાવવા માટે માટે શિક્ષણ વિભાગે અમલી કરી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત અર્લી વૉર્નિંગ સિસ્ટમ (EWS)
- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ ૪૨ લાખથી વધુ બાળકોને મળી રહ્યો છે લાભ
- નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યની ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી
- નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ૧૬૧ કરોડથી વધુની સહાયની ચૂકવણી

### ૩ વર્ષ આદિજાતિ કલ્યાણનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના અંદાજપત્રમાં ૭૪૬ કરોડનો વધારો
- ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે જનજાતીય કલ્યાણ યોજનાની શરૂઆત

### ૩ વર્ષ યુવા વિકાસનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, ૨૨ જિલ્લાઓમાં ૨૪ જિલ્લા રમત સંકુલ કાર્યરત
- ૨૦૨૪માં ખેલ મહાકુંભ ૩.૦ ઈવેન્ટમાં ૭૧ લાખથી વધુ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું
- રાજ્યમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ, નેશનલ પોલીસ ગેમ્સ, નેશનલ ગેમ્સ ૨૦૨૨ જેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના રમતગમત કાર્યક્રમો યોજાયા

### કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની માટે ગુજરાતની પસંદગી

- અમદાવાદ ખાતે ૮૨૫ કરોડના ખર્ચે વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ
- ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પૉલિસી (SSIP) 2.0 હેઠળ આઈ-હબ (i-Hub), અમદાવાદ ખાતે ૬૦૦ સ્ટાર્ટઅપ્સને ઈન્ક્યુબેશન માટે સમર્થન આપવામાં આવ્યું અને સ્ટાર્ટઅપ્સ સૃજન ફંડ સપોર્ટ હેઠળ ૪૦૨ સ્ટાર્ટઅપ્સને અંદાજીત ૨૩ કરોડથી વધુની સહાય પ્રદાન કરવામાં આવી

### ૩ વર્ષ સુશાસનનનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'ના મંત્ર સાથે 'વિકસિત ગુજરાત @2047'નો રોડમેપ બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય
- કેન્દ્રના નીતિ આયોગની તર્જ પર 'ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન' –GRITની સ્થાપના
- ગુજરાતમાં વહીવટી તંત્રની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા માટે ગુજરાત વહીવટી સુધારણા આયોગની (GARC) રચના
- ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટની શરૂઆત: પોલીસ (૧૦૦), એમ્બ્યુલન્સ (૧૦૮), ફાયર (૧૦૧), મહિલા હેલ્પલાઈન (૧૮૧), ચાઈલ્ડ હેલ્પલાઈન (૧૦૯૮) અને ડિઝાસ્ટર હેલ્પલાઈન (૧૦૭૦/૧૦૭૭) જેવી સેવાઓ માટે હવે માત્ર ૧૧૨ નંબર ડાયલ કરવાનો રહેશે
- મહેસૂલી ક્ષેત્રે ક્રાંતિકારી નિર્ણય- ખેતી હેતુ માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો જૂની શરતની ગણાશે
- જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરી અંગે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીન વેલ્યુએશન આધારે પ્રીમિયમ વસૂલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર
- પાંચ કરોડની જમીન વેલ્યુએશન પર પ્રીમિયમ મંજૂરી કલેક્ટર કક્ષાએથી મળશે, જંત્રી કિંમતના ૧૦ ટકા વસૂલી જમીન હેતુફેર N.A કરાશે

### ૩ વર્ષ શહેરી વિકાસનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ તરીકે જાહેર કરવામાં આવ્યું
- મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ તથા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીથી ગિફ્ટ સિટી સુધીના અમદાવાદ મેટ્રો ફેઝ-૨નું સપ્ટેમ્બર ૨૦૨૪માં વડાપ્રધાનશ્રી દ્વારા લોકાર્પણ
- સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રાજ્યના ૬ સ્માર્ટ શહેરોમાં ૧૧ હજાર કરોડથી વધુના ૩૪૮ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા
- રાજ્યની નવ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો, હવે ગુજરાતમાં કુલ ૧૭ મહાનગરપાલિકાઓ
- છેલ્લા ૩ વર્ષોમાં કુલ ૨૨૬ ટીપી સ્કીમોને મંજૂરી
- સ્વચ્છતા સર્વેક્ષણ વર્ષ ૨૦૨૪-૨૫ હેઠળ અમદાવાદ શહેર ભારતનું નંબર ૧ સ્વચ્છ શહેર જાહેર
- સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૪માં સુરત દેશભરમાં પ્રથમ, સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૫માં સુરત શહેર ટોચના ત્રણ શહેરોમાં સામેલ

### ૩ વર્ષ અગ્રેસર ગુજરાતનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં છેલ્લા ચાર વર્ષથી ગુજરાત દેશમાં પ્રથમ
- UN એજન્સી વર્લ્ડ ટુરીઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા ધોરડોનો વિશ્વના શ્રેષ્ઠ ટુરીઝમ વિલેજની યાદીમાં સમાવેશ
- યુનેસ્કોએ ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો' જાહેર કર્યો
- કચ્છના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમની યાદીમાં સ્થાન
- પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતનો ટેબ્લો સતત ત્રીજા વર્ષે પીપલ્સ ચોઈસ એવોર્ડમાં પ્રથમ ક્રમે
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નામે ૩ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધવામાં આવ્યા.

### ૩ વર્ષ શાંતિ અને સુરક્ષાનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં

- ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, ૨૦૨૪ અમલી
- ગુજરાત માનવબલિ અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા નિર્મૂલન વિધેયક સર્વાનુમતે પસાર
- જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો
- છેલ્લા ૩ વર્ષોમાં ગુજરાત પોલીસે ૫૪૨૬.૨૫ કરોડની કિંમતનું ૬૫૭૮૯.૭૪ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું
- વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ, સમગ્ર ગુજરાતમાં ૭૦૦૦થી વધુ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના કારણે છેલ્લા ૩ વર્ષમાં ૧૪,૦૦૦થી વધુ કેસોના નિરાકરણમાં મદદ મળી
- ગુનાખોરીને ડામવા ગુજરાત પોલીસના બે પોર્ટલ લૉન્ચ: ૧) i-PRAGATI પોર્ટલ –જેના થકી ફરિયાદી તપાસની પ્રગતિથી સંપૂર્ણ વાકેફ રહે છે, ૨) 'તેરા તુઝકો અર્પણ' પોર્ટલ –સાઈબર ક્રાઈમ રિફંડ પોર્ટલ
- નાણાકીય સાઈબર ક્રાઈમને લગતી ફરિયાદોના આધારે ફ્રીઝ થયેલા બેંક ખાતાને પુનઃ કાર્યરત એટલે કે અનફ્રીઝ કરાવવા માટે મુખ્યમંત્રીશ્રીએ ઓનલાઈન એપ્લિકેશન લોન્ચ કરી
- રાજ્યમાં ઝોન વાઈઝ કુલ ૬ નવી એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) યુનિટ્સ શરૂ કરવાનો નિર્ણય, જે ડ્રગ્સના વેચાણ, હેરફેર અને ઉત્પાદન પર અંકુશ લગાવશે
- રિસ્પોન્સ ટાઈમ ઘટાડીને રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા ગુજરાત પોલીસે શરૂ કર્યો પ્રોજેક્ટ 'GP-DRASTI' (ગુજરાત પોલીસ – ડ્રોન રિસ્પોન્સ એન્ડ એરિયલ સર્વેલન્સ ટેક્નિકલ ઈન્ટરવેન્શન્સ)

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :- Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028